eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 336
Aug 02, 2013

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝુંપડા દુર કરવાની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને કતારગામ પોલીસ સ્ટેશનના સ્ટાફના બંદોબસ્ત સાથે ઝુંપડા દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## વી.બી.ડી.સી. વિભાગ પશ્ચિમ ઝોન ધ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આપેલ આરોગ્ય રક્ષણ સંબંધી નોટિશ નો અનાદર કરતા ઈસમો સામે મ્યુ.કોર્ટમાં કેસ માંડવા ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે નિષ્ફળ નિવડેલ ઈસમો જોગ વહિવટી પરચુરણ ખર્ચ વસુલવાની કામગીરી

આજરોજ તા.૨૫/૭/૨૦૧૩ ના રોજ પશ્ચિમ ઝોન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ રૂટિન ખાતાકીય કામગીરી કરવા ઉપરાંત સરપ્રાઈઝ ચેકીંગમાં અડાજણ ખાતે ઈશિતા પાર્ક, પાલનપુર ખાતે સર્જન રો હાઉસ, દર્શન પાર્ક સોસાયટી, પ્રશાંત સોસાયટી, સંત તુકારામ સોસાયટી વિભાગ–૨, તેમજ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૨૫/૦૭/૨૦૧૩ ના ગુરૂવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી. સ્કીમ નં.૨૪ (ટુંકી) રે.સ.નં.૧૨ પૈકી, ફા.પ્લોટ નં. માં આવેલ નિલકંઠ ઈન્ડ. એસ્ટેટમાં મિલ્કચદારે શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે ૯.૦૦ મી.ના ટી.પી. રસ્તા પર કરેલ આશરે ૧૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તરફથી સર્વાંગી શહેર વિકાસ અન્વયે તા.૨૬–૭–૧૩ ના રોજ ગાંધીનગર ખાતે કાર્યશિબિર અને ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તરફથી સર્વાંગી શહેર વિકાસ અન્વયે તા.૨૬–૭–૧૩ ના રોજ ગાંધીનગર ખાતે કાર્યશિબિર અને ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓને નિમંત્રીત કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬ મી જુલાઈ, ૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવમાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાને મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે સર્વાંગી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા.૪૭૯ કરોડની ગ્રાંટનો ચેક



આજરોજ ગાંધીનગર ખાતે આયોજીત કાર્યક્રમમાં મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે સર્વાંગી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાને રૂા.૪૭૯ કરોડની ગ્રાંટનો ચેક મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા કમિશનરશ્રી એમ. કે. દાસ ને સોંપવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>



## મે.ડે.કમિશનર (હે. એન્ડ હો.) શ્રી આર. જે.પટેલ સાહેબ તથા મે. એડી.સીટી ઈજનેરશ્રી બી.આઈ.દલાલ સાહેબ અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલા

મે.ડે.કમિશનર (હે. એન્ડ હો.) શ્રી આર. જે.પટેલ સાહેબ તથા મે. એડી.સીટી ઈજનેરશ્રી બી.આઈ.દલાલ સાહેબ અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલા સાહેબ તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એસ.એસ. દાસ સાહેબનાં માર્ગદર્શન હેઠળ નોર્થઝોન (કતારગામ) ખાતેનાં વી.બી.ડી.સી....

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિસ્તારમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૩૦/૦૭/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી

મોજે મજુરા રે.સ.નં.૬૭ માં આવેલ બાલાજી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં સબ પ્લોટ નં.૩ અને ૪ ના રોડ તરફના માર્જીનમાં આશરે ૪૫૦ ચો. ફૂટ વિસ્તારમાં ૭ દુકાનોનું બાંધકામ ચણતર ઉપર એંગલ તેમજ સ્લેબ ભરવા સહિતનું અત્રેની દુર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર રીતે બાંધકામના કિસ્સામાં સુરત મહાનગરપાલિકા તરફથી સંબંધિત ઈસમો અને આર્કિટેક/એન્જીનીયર ને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ હેઠળ મનાઈ હુકમ અને કારણ દર્શક નોટીસ પાઠવવાની કામગીરી

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ નિયમીત કરવા માટે ગુડા એકટ ૨૦૧૧ ની જોગવાઈને આધીન મહત્તમ લોકો તરફથી તેનો લાભ લેવામાં આવે તે માટે અલગ અલગ ૧૨ ટીમ પાડી લોકે ને ફોમ ભરવા માટે સમજ આપી, ફોમ ભરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) માં આવેલ દિવાળીબાગ સોસાયટી તથા ટી.પી.સ્કીમ નંબર :૧૬ (કાપોદ્રા) માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યા બાબત

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના સ્થળે માલિકો દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામો આજરોજે તા.૩૧/૦૭/૨૦૧૩ ના દિને પૂર્વ (વરાછા) ઝોન દ્વારા દૂર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝુંપડા દુર કરવાની કામગીરી:–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૭/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને કતારગામ પોલીસ સ્ટેશનના સ્ટાફના બંદોબસ્ત સાથે ઝુંપડા દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ) અમરોલી બ્રિજના કતારગામ છેડે આવેલ તાપી નદીના પાળાને લાગુ, કતારમ વોટર વર્કસની સામે પાળાની ૩૦.૦૦ મીટર પહોળાઈમાં તેમજ રીઝર્વેશન પ્લોટ નં. ૨૦૯ જે સબસેન્ટરના હેતુ માટે અનામત રાખવામાં આવેલ છે. તે મળીને કુલ ૫૦ કુટુંબોએ તંબુ તાણી ઝુંપડા બનાવી વસવાટ કરતા હોવાનું જણાતા સ્થળે જઈ ઝુંપડાનું દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. અને તમામ ઝુંપડા દુર કરવામાં આવેલ.

TOP

## વી.બી.ડી.સી. વિભાગ પશ્ચિમ ઝોન ધ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આપેલ આરોગ્ય રક્ષણ સંબંધી નોટિશ નો અનાદર કરતા ઈસમો સામે મ્યુ.કોર્ટમાં કેસ માંડવા ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે નિષ્ફળ નિવડેલ ઈસમો જોગ વહિવટી પરચુરણ ખર્ચ વસુલવાની કામગીરીઃ–

આજરોજ તા.૨૫/૭/૨૦૧૩ ના રોજ પશ્ચિમ ઝોન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ રૂટિન ખાતાકીય કામગીરી કરવા ઉપરાંત સરપ્રાઈઝ ચેકીંગમાં અડાજણ ખાતે ઈશિતા પાર્ક, પાલનપુર ખાતે સર્જન રો હાઉસ, દર્શન પાર્ક સોસાયટી, પ્રશાંત સોસાયટી, સંત તુકારામ સોસાયટી વિભાગ–૨, તેમજ પાલ પાટિયા ખાતે વૈશાલી રો.હાઉસ, ના રહેણાંક વિસ્તારમાં મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સહિત અડાજણ ખાતે "**U–Broad Band & cable India Ltd** " ધ્વારા ભોગવટો કરતાં મિલેનિયમ આર્કેડના બેઝમેન્ટ ખાતે પાણીના ભરાવાના નિકાલ બાબતે આપવામાં આવેલ આરોગ્ય રક્ષણ સંબંધિ નોટિશનો સમય મર્યાદામાં નિકાલ કરવા સબબ કોઈપણ પ્રકારની લેખિત જાણ ન કરી નોટિશમાં જણાવેલ ખામીનો નિકાલ કરવાની પણ તસ્દી લીધેલ ન હોવાનું માલૂમ પડતાં સદર વિસ્તારના કુલ :–૧૦ (દસ) ઈસમો સામે મ્યુ.કોર્ટ માં કેસ માંડવામાં આવેલ છે.

ઉપરાંત ગતરોજ તા.૨૪/૭/૨૦૧૩ ના રોજ પાલનપુગામ ટી.પી.ઢ૦૯ ખાતે રાજહંસ એપલ બાંધકામની સામે આવેલ ખુલ્લાં પ્લોટમાં પાણીનો નિકાલ ન કરતાં મચ્છરનું બ્રિડીંગ મળતા રૂ.–૧૦,૦૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ પેટે વસૂલ કરવા ઉપરાંત સ્ટાર કોર્નર બાંધકામના પ્લીન્થ લેવલના ખોદાણ કરેલ ખાડામાં ભરાયેલા વરસાદી પાણીના નિકાલ કરવામાં નિષ્ફળ રહેલ ઓર્ગેનાઈઝરો પાસે રૂ.–૫૦૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ પેટે વસૂલ કરી જંતુનાશક દવા છંટકાવ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા ઘરમાં આવેલ ઘર વપરાશી ટાંકીઓ, ડ્રમ–કેરબા તથા પીપ સહિતના સાધનો હમેંશા હવાચૂસ્ત ઢાંકણથી ઢાંકી રાખી મચ્છરની ઉત્પતિ અટકાવી મેલેરિયા,ડેંગ્યુ,ચિકનગુનિયા જેવાં રોગોના રોકથામ માટે સુરત મહાનગર પાલિકા ના આરોગ્ય વિભાગીય કામગીરીમાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૨૫/૦૭/૨૦૧૩ ના ગુરૂવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૨૪ (ટુંકી) રે.સ.નં.૧૨ પૈકી, ફા.પ્લોટ નં. માં આવેલ નિલકંઠ ઈન્ડ. એસ્ટેટમાં મિલ્કચદારે શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે ૯.૦૦ મી.ના ટી.પી. રસ્તા પર કરેલ આશરે ૧૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૩૦,૦૦૦/– ડીમોલીશન પેટે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૨(ટુંકી)માં આવેલ ત્રિભોવન સોસાયટીમાં વેડ રોડ ટેલીફોન એક્ષચેન્જ વાળી જુની બિલ્ડીંગને લાગુ ૧૮.૨૮ મી. ના રોડ તરફે માર્જીનવાળી જગ્યામાં ૪ દુકાનો બનાવવાના ઈરાદે શરૂ કરેલ ચણતરની દિવાલો સહિતનું આશરે ૫૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– ડીમોલીશન પેટે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં.૨૪(ટુંકી) ફા.પ્લોટ નં.૩૮ માં આવેલ તાપી ઈન્ડ.માં પ્લોટ નં.૧ માં મંજુર લે–આઉટ પ્લાન વિરુધ્ધનું મિલકતદારે શરૂ કરેલ ગ્રા.ફલોર + બે માળની મિલ્કતમાં ત્રીજા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલ સેન્ટરીંગ/ શટરીંગનું આશરે ૬૦૦.૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– ડીમોલીશન પેટે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે.

(૪) ટી.પી.સ્કીમ નં.૧૮ (કતારગામ) ફા. પ્લોટ નં.૫૦ માં આવેલ હરીહરી સોસાયટી વિ.૨ ના સબ પ્લોટ નં.૭૯ માં આવેલ હયાત ત્રણ માળ વાળી મિલ્કતમાં ચોથા માળે આર.સી.સી. કોલમ ભરી સ્લેબ ભરવાના ઈરાદે કરેલ સેન્ટરીં/શટરીંગ તેમજ કોલમોનું આશરે ૮૦૦ ફુટ ના માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– ડીમોલીશન પેટે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે.

TOP

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તરફથી સર્વાંગી શહેર વિકાસ અન્વયે તા.૨૬–૭–૧૩ ના રોજ ગાંધીનગર ખાતે કાર્યશિબિર અને ચેક વિતરણ કાર્યક્રમનું આયોજનઃ–

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તરફથી સર્વાંગી શહેર વિકાસ અન્વયે તા.૨૬–૭–૧૩ ના રોજ ગાંધીનગર ખાતે કાર્યશિબિર અને ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓને નિમંત્રીત કરવામાં આવેલ છે આ કાર્ય શિબિરમાં શ્રીમતી આનંદીબેન પટેલ મા. મંત્રીશ્રી ઉદબોધન કરશે. મા. મુખ્યમંત્રીશ્રી આર્શિવચન આપશે તથા શહેરી વિકાસ વિભાગની વિવિધ યોજનાઓથી ગ્રાંટના ચેક વિતરણ કરશે સુરત મહાનગરપાલિકા નીચે જણાવેલ પદાધિકારીશ્રીઓ આ કાર્યશિબિરમાં ઉપસ્થિત રહેશે.

(૧) મેયરશ્રી
(૨) ડે. મેયરશ્રી
(૩) સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી
(૪) શાસક પક્ષના નેતાશ્રી
(૫) શાસક પક્ષના દંડકશ્રી
(૬) વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમઃ–



સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬ મી જુલાઈ, ૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ''કારગીલ ચોક'' પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવમાં આવ્યો હતો. જેમાં ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માજીમેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મહાનુભાવોએ શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલી આપી હતી. પોલીસના જવાનોએ બ્યુગલ વગાડી શ્રધ્ધાંજલી આપી હતી. નગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ''જય જવાન જય કિશાન'', શહીદો અમર રહો'' અને ''વંદેમાતરમ્'' ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. શારદાયતન શાળાના સ્કાઉટના કેડરો, વિદ્યાર્થીઓ બેન્ડ સાથે ઉપસ્થિત રહયા હતા. તથા આ પ્રસંગે શહેરના નગરજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાને મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે સર્વાંગી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા.૪૭૯ કરોડની ગ્રાંટનો ચેકઃ–




**આજરોજ ગાંધીનગર ખાતે આયોજીત કાર્યક્રમમાં મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે સર્વાંગી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાને રૂા.૪૭૯ કરોડની ગ્રાંટનો ચેક મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા કમિશનરશ્રી એમ. કે. દાસ ને સોંપવામાં આવેલ તથા સુડાને રૂા.૩૩ કરોડનો ચેક સોંપવામાં આવેલ. આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદી બેન પટેલ  તથા અન્ય મંત્રીશ્રીઓ , અગ્રસચિવશ્રી અલોરીયા તેમજ દરેક શહેરના મેયરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

TOP

## મે.ડે.કમિશનર (હે. એન્ડ હો.) શ્રી આર. જે.પટેલ સાહેબ તથા મે. એડી.સીટી ઈજનેરશ્રી બી.આઈ.દલાલ સાહેબ અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાઃ–



મે.ડે.કમિશનર (હે. એન્ડ હો.) શ્રી આર. જે.પટેલ સાહેબ તથા મે. એડી.સીટી ઈજનેરશ્રી બી.આઈ.દલાલ સાહેબ અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલા સાહેબ તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એસ.એસ. દાસ સાહેબનાં માર્ગદર્શન હેઠળ નોર્થઝોન (કતારગામ) ખાતેનાં વી.બી.ડી.સી. વિભાગનાં આસી. જંતુનાશક અધિકારીશ્રી ડો. ગાયત્રી આર. જરીવાલાનાં નેતૃત્વ હેઠળ ૦૧ સેનેટરી ઈન્સપેકટર, ૦૧ સેનેટરી સબ ઈન્સપેકટર, ૧૨ પ્રા. હે.વ. તથા ૨૮ બેલદારોની ટીમ ધ્વારા તા–૨૪/૦૭/૨૦૧૩ થી તા–૨૭/૦૭/૨૦૧૩નાં રોજ નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ નાની વેડ–મોટી વેડ ગામતળ, સીંગણપોર ગામતળ, ડભોલી ગામતળમાં લોક ભાગીદારી ધ્વારા માનવજાતીને મચ્છરો, તેના પ્રકારો , મચ્છરોના ઉત્પતિ સ્થાનો, મચ્છરોનું નિયત્રંણ કરવાનાં ઉપાયો વગેરે બાબતોનું સ્થળ પર લાઈવ ડેમોસ્ટેશન ધ્વારા સમજણ આપવા માટે કોંપો.શ્રી સતીષભાઈ પટેલ તથા તેઓનાં કાર્યકરોનાં સહકાર ધ્વારા તથા વેડ રોડ ખાતે આવેલ અખંડ આનંદ કોલેજનાં એન.એસ.એસ.નાં ૭૦ વિદ્યાર્થીઓનાં સહકાર ધ્વારા સદર વિસ્તારમાં આવેલ અંદાજિત ૨૨૪ ફળિયા–સોસાયટીમાં આવેલ અંદાજિત કુલ ૧૭૪૩૪ ઘરોમાં રહેતા રહીશોને મચ્છરો, તેના પ્રકારો, મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો, મચ્છરોનું નિયંત્રણ કરવાનાં ઉપાયો વગેરે બાબતોનું સ્થળ પર લાઈવ ડેમોસ્ટેશન ધ્વારા સમજણ આપવામાં આવેલ હતી. સદર સોસાટીઓમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વેની કામગીરી દરમ્યાન કુલ ૨૦૩ મચ્છરોના બ્રિડીંગ મળી આવેલ હતા, જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો. તદઉપરાંત કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારનાં ૬૬૩૫ જેટલી બહેનોને ભેગા કરીને મચ્છરની ઉત્તપતિ અટકાવવાં બાબતોની સમજણ આપવામાં આવી. રહેણાંક વિસ્તારોમાં અગાશી/ધાબાને તપાસ કરવામાં આવતાં અગાશી/ધાબાનું લેવલીંગ ન હોવાને મેલેરીયાનાં મચ્છરોની ઉપ્પતિ થવાની શકયતા રહેલ હોય, જે રૂબરૂમાં બતાવી અગાશી/ધાબાનું લેવલીંગ કરવા માટે સમજણ આપવામાં આવેલ છે.

TOP

## શહેર વિસ્તારમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૩૦/૦૭/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી :–

મોજે મજુરા રે.સ.નં.૬૭ માં આવેલ બાલાજી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં સબ પ્લોટ નં.૩ અને ૪ ના રોડ તરફના માર્જીનમાં આશરે ૪૫૦ ચો. ફૂટ વિસ્તારમાં ૭ દુકાનોનું બાંધકામ ચણતર ઉપર એંગલ તેમજ સ્લેબ ભરવા સહિતનું અત્રેની દુર કરવામાં આવેલ છે.

સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતા પૂર્વક દુર કરવામાં આવેલ છે.

TOP

## મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર રીતે બાંધકામના કિસ્સામાં સુરત મહાનગરપાલિકા તરફથી સંબંધિત ઈસમો અને આર્કિટેક/એન્જીનીયર ને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ હેઠળ મનાઈ હુકમ અને કારણ દર્શક નોટીસ પાઠવવાની કામગીરી:–

**સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ નિયમીત કરવા માટે ગુડા એકટ ૨૦૧૧ ની જોગવાઈને આધીન મહત્તમ લોકો તરફથી તેનો લાભ લેવામાં આવે તે માટે અલગ અલગ ૧૨ ટીમ પાડી લોકે ને ફોમ ભરવા માટે સમજ આપી, ફોમ ભરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.**

**જે લોકો તરફથી ભુતકાળમાં મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવેલ હતું. તેવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકા તરફથી સંબંધિત ઈસમો અને આર્કિટેક/એન્જીનીયર ને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ હેઠળ મનાઈ હુકમ અને કારણ દર્શક નોટીસ પાઠવવા માં આવેલ તેવા કિસ્સાઓ માં મજકુર બાંધકામ ગુડાએકટ હેઠળ નિયમ બધ્ધ કરાવી લેવા સેન્ટ્રલ ઝોન તરફથી નોટીસ પાઠવવામાં હોવા છતા તેનો અમલ નહીં કરી આર્કીટેક/એન્જીનીયર દ્વારા પણ ઉદાસીનતા બતાવવામાં આવેલ હતી. તેવા આર્કીટેક/એન્જીનીયર ના લાયસન્સ સસ્પેન્ડ કેમ નહી કરવા તે સબબ નોટીસ ફટકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.**

**આ ઝુંબેશ અર્તગત પ્રથમ તબકકે કુલ ૮ (આઠ) આર્કીટેક/એન્જીનીયર શ્રી નઉમન ચોકસી, ગીરીશ આરીવાલા, શ્રી રાજેન્દ્ર રાઠોડ, શ્રી પ્રવિણ જરીવાલા, શ્રી મનીષ ગજજર, શ્રી નરેશ દાળવાળા, શ્રી નરેન્દ્ર કાપડીયા અને શ્રી બીપીન અબોટીવાળા ને તેમનુ લાયસન્સ સસ્પેન્ડ કેમ નહી કરવુ તે માટે કારણ દર્શક નોટીસ, ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સુચના થી ફટકારવામાં આવેલ છે.**

TOP

## ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) માં આવેલ દિવાળીબાગ સોસાયટી તથા ટી.પી.સ્કીમ નંબર :૧૬ (કાપોદ્રા) માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યા બાબતઃ–

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના સ્થળે માલિકો દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામો આજરોજે તા.૩૧/૦૭/૨૦૧૩ ના દિને પૂર્વ (વરાછા) ઝોન દ્વારા દૂર કરવામાં આવેલ છે.

(૧) સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) ના ફા. પ્લોટ નં.૨૩ માં આવેલ દિવાળીબાગ સોસાયટીના પ્લોટ નંબરઃ ૧૦૯ માં માલિકો દ્વારા માર્જીન કવર કરી ભોંયતળીયાનું આશરે ૧૦૦૦ ચો.ફુટ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ આજરોજે પૂર્વ (વરાછા) ઝોન કચેરી દ્વારા તોડીને દૂર કરવમાં આવેલ છે તથા ડીમોલેશન ચાર્જના રૂા.૫૦,૦૦૦/– વસુલ લીધા છે.

(૨) સુરત મહાનગરપાલિકાના પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા) ના ફા. પ્લોટ નં.૩૩ માં આવેલ અક્ષરધામ સોસાયટીના પ્લોટ નંબર : એ/૪, એ/૫, એ/૮, એ/૧૭ તથા બી/૧૭ માં માલિકો દ્વારા માર્જીન કવર કરી તેમજ ઉંચાઈ વધારી માળ વધારવાનું તેમજ વાણિજય હેતુસરના આશરે ૭૦૦૦ ચો.ફૂટ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ આજરોજે પૂર્વ (વરાછા) ઝોન કચેરી દ્વારા તોડીને દુર કરવામાં આવેલ છે.

(૩) સુરત મહાનગરપાલિકા પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૭ (ફુલપાડા) ના ફા.પ્લોટ નં.૪૧ માં આવેલ સાયોના બિલ્ડીંગના બીજામાળે આશરે ૫૦ ચો.ફૂટ વિસ્તારમાં માલિક દ્વારા આર.સી.સી. સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ કરેલ જે પૂર્વ (વરાછા) ઝોન કચેરી દ્વારા તોડીને દુર કરવામાં આવેલ છે તથા ડીમોલેશન ચાર્જના રૂા.૨૫,૦૦૦/– વસુલ લીધા છે.

સદર સમગ્ર કામગીરી પૂર્વ ઝોન (વરાછા) નાં ડેપ્યુટી કમિશનરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ ડેપ્યુટી ઈજનેરશ્રી, શહેર વિકાસ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

TOP